NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ બુક

## ધોરણ ૨



વિદ્યાર્થીનું નામ ____________________

શાળાનું નામ ____________________

રોલ નંબર ____________________

વર્ગ ____________________



# મારા વિશે વધુ જાણો...

માતાનું નામ: ____________________

પિતાનું નામ: ____________________

શાળામાં અભ્યાસ કરતાં ભાઈ/બહેનનાં નામ અને ધોરણ:

____________________

____________________

____________________

મારી જન્મ તારીખ : ____________________

બેંક ખાતા નંબર : ____________________

બેંકનું નામ : ____________ IFSC કોડ ____________

વજન : ____________ ઊંચાઈ : ____________

બ્લડ ગ્રૂપ : ____________ BMI : ____________

મારો શોખ : ____________________

મારો પ્રિય રંગ : ____________________

મારી પ્રિય રમત : ____________ રાષ્ટ્રીય રમત : ____________

મારું પ્રિય પક્ષી : ____________ રાષ્ટ્રીય પક્ષી : ____________

મારું પ્રિય પ્રાણી : ____________ રાષ્ટ્રીય પ્રાણી : ____________

મારું પ્રવાસનું પ્રિય સ્થળ : ____________________

મારા પિતાનો વ્યવસાય : ____________________

મારી માતાનો વ્યવસાય : ____________________

મારા મિત્રોનાં નામ : ____________________

____________________

____________________

વાલીની સહી                    શિક્ષકની સહી

*(વિદ્યાર્થીએ વાલી તથા શિક્ષકની મદદથી નોંધ કરવી.)

## પ્રસ્તાવના

આપણે સૌ સુવિદિત છીએ તેમ NEP-2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિરૂપ અનુસાર હવે વર્ગ અધ્યાપનમાં વિદ્યાર્થીઓને Self-Learning (જાતે શીખવા)નો પૂરતો સમય મળવો જરૂરી છે. અભ્યાસક્રમનો વાંચન-લેખન-ગણનનો ભાગ પાઠ્ય સામગ્રી દ્વારા અને તેમાં રહેલા પાયાના ખ્યાલોને જાતે પ્રયોગ કે અનુભવ કરીને શીખે તેવી સ્વતંત્રતા બાળકોને મળવી જોઈએ. પાયાના ધોરણમાં બાળકો પોતાની શીખવાની બાબતોનું વિષયવસ્તુ જાતે, મિત્રો સાથે કે ઘરના સભ્યોની મદદ વડે શીખે તે ઇચ્છનીય છે. આવું કરવાથી તેમની શીખવાની જિજ્ઞાસા અને ક્ષમતા બંનેમાં વધારો થતો હોય છે. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિપોથીમાં આપેલ દરેક બાબતો મોટા ભાગે અધ્યયન નિષ્પત્તિ સાથે સહસંબંધ ધરાવે છે. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિઓ કરવા કે સમજવા માટે બાળકો નાના-નાના પ્રયોગ, અવલોકન, લેખન, વાંચન, પરીક્ષણ. નિરીક્ષણ અને પૂછતાછ કે મુલાકાત લઈ જાતે માહિતી એકત્ર કરી શીખવાનો પ્રયાસ કરે તેવા Project Based Learning -PBL (પ્રકલ્પ આધારિત શિક્ષણ) અભિગમનું સ્થાપન કરાયેલ છે. સમગ્ર શિક્ષા દ્વારા ધોરણ ૨ નાં બાળકો માટેની આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકનું નિર્માણ બાળકો જાતે શીખવા માટેની શરૂઆત કરે તેવા આશયથી મૂકવામાં આવી છે.

આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકની પ્રવૃત્તિઓ ગણિત, ગુજરાતી અને પર્યાવરણ વિષય આધારિત હોવાથી બાળકો જે તે વિષયમાં વર્ગમાં જે સમજ કેળવશે તેમાં વધારો કરશે. અહીં આપેલ પ્રવૃત્તિઓ અલગ-અલગ ચાર પ્રકારે કરી શકાય તેવું આયોજન કરેલ છે. એક, શિક્ષક સમજ આપે તે બાદ બાળકો વ્યક્તિગત અને એકલા - ઘરે કરી શકે તેવી જેમાં સરળ અને અનુભવજગતની પ્રવૃત્તિઓનો સમાવેશ કરાયેલ છે.બીજી, શિક્ષકનાં માર્ગદર્શનમાં વર્ગમાં વ્યક્તિગત કરવાની પ્રવૃત્તિઓ. આવી પ્રવૃત્તિઓ જે તે દિવસે સમૂહમાં થઈ શકે તેવા પ્રકારની છે. આમાં પાયાની સંકલ્પનાઓ સમજવાની તક મળતી હોય તેનો સમાવેશ થાય છે. ત્રીજી, શિક્ષક વર્ગમાં સમજ આપે પરંતુ બાળકોએ જાતે કરવા માટે કોઈની મદદ લેવાની હોય જેમાં સહપાઠી, ઘરના સભ્યો અને અન્યનો સમાવેશ થતો હોય. ચોથી, જાતે કરવા માટે મથામણ કરવી પડતી હોય તેવા પ્રકારની છે. અહીં બાળકો વર્ગ કે ઘરની સ્થાનિક કે બિન ખર્ચાળ સામગ્રીનાં ઉપયોગ વડે કશુંક રમકડાં, મૉડેલ કે કોઈ સાધન નિર્માણ કરે તેવો આશય છે. અહીં વિષયની અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રૉજેક્ટ-પ્રવૃત્તિઓ સાથે શિક્ષક પોતાના વર્ગની ક્ષમતા અને વિદ્યાર્થીઓની વય, પસંદગી, રૂચી અને સાનુકુળતા મુજબ નાવીન્યપૂર્ણ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિઓ કરાવી શકે તે માટેની સ્વતંત્રતા પણ આપવામાં આવેલ છે.

આશા છે કે ધોરણ ૨ માટેની આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિપોથી ગણિત, ગુજરાતી અને પર્યાવરણ જેવા વિષયો સાથે-સાથે બાળકોમાં સ્નાયુ કૌશલ્ય, પ્રશ્નોત્તરી, મુક્તચર્ચા, ઘટનાના કારણોની સમજ, સહપાઠી શિક્ષણનો અનુભવ, વિચાર અને ધારણાઓનો વિકાસ, સંવેદનાત્મક દૃષ્ટિકોણ, સર્જનાત્મકતા જેવાં મૂલ્યવાન આયામો સાથે સર્વાંગીણ વિકાસની દિશામાં જાતે શીખવાની સુટેવનો પણ વિકાસ કરશે.

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા
ગુજરાત રાજ્ય


**: પ્રેરણા :**
**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

**: માર્ગદર્શન :**
**ડૉ. એમ. એમ. પટેલ (GAS)**
એડી.એસ.પી.ડી., સમગ્ર શિક્ષા
**પ્રકાશ ત્રિવેદી**
નિયામક, જી.સી.ઈ.આર.ટી.
**મહેશ મહેતા**
સચિવ, સમગ્ર શિક્ષા
**એસ. જે. ડુમરાળિયા**
સચિવ, જી.સી.ઈ.આર.ટી.

**: સંકલન - સંપાદન :**
ડૉ. ભાર્ગવ ઠક્કર
અનિલકુમાર ઉપાધ્યાય
ધર્મેશ રામાનુજ
સુચિત પ્રજાપતિ
સંજયભાઈ ચૌધરી
નિરવ મિસ્ત્રી
અતુલ પંચાલ
હેમલબેન પંડ્યા
રિઝવાનાબેન મીરઝા
જયદિપસિંહ ચૌહાણ

**: લેખન :**
વિપુલ પ્રજાપતિ
સચિન પટેલ
પ્રકાશ સોલંકી
જિનેશા શાહ
સતીષ પ્રજાપત
બિરેન પટેલ
શિલ્પા પટેલ
અલ્પા સથવારા
જાગૃતિ પટેલ
મહેશ પટેલ
અર્જુન ડિંડોર
નિતેશ દલવાડી

## આટલું સમજીએ...

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિની સમજ :** શિક્ષકે વર્ગમાં બાળકોને સૌ પ્રથમ આપેલ દરેક પ્રવૃત્તિની પાયાની સમજ આપવાની છે. બાળકોને આ પ્રવૃત્તિમાં શું-શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? અને કેટલું કરવાનું છે ? તેની માહિતી આપવાની છે. શક્ય છે કે બાળકો સુચના વાંચી પ્રવૃત્તિ વિશે પૂરી સમજ ન મેળવી શકે તો તેને સરળ ભાષામાં સૂચનાની વિગત સમજાવવી. પ્રવૃત્તિ દરમ્યાન બાળકોને કઈ-કઈ બાબતો શીખવા મળશે તેની માહિતી પણ આપવી જોઈએ. ટૂંકમાં દરેક પ્રવૃત્તિ શરૂ કર્યાં બાદ બાળકને કોઈ સમસ્યા ઊભી ન થાય તેવી સમજ પણઆપવી જરૂરી છે.

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં રંગકામ :** રંગકામ દરમિયાન બાળકોને વર્ગમાં રહેલી સામગ્રી વર્ગ સિવાય જરૂર જણાય તો ઘરે પણ આપવી જોઈએ. ક્રેયોન, પેન્સિલ, વૉટર સાથે કેટલાક સ્થાનિક સામગ્રીથી બનતા કુદરતી રંગોનો ઉપયોગ કરવાની સમજ આપવી. અહીં રંગકામની પ્રવૃત્તિ માત્ર ચિત્રકામ સાથે જોડાયેલ નથી, પરંતુ રંગોનાં ખ્યાલોથી અન્ય કોઈ માહિતી આપવાની વાત પરભાર મૂકે છે તે શિક્ષક તરીકે જાણવું જરૂરી છે. વિવિધ સામગ્રીથી રંગકામ,રંગોનું મિશ્રણ, છાપ, રંગના વિવિધ ટૂકડાઓની ગોઠવણી દ્વારા બાળકો અભ્યાસક્રમના ધ્યેયો અંતર્ગત આપેલા બહુવિધ વિકાસની દિશામાં પ્રગતિ કરતા હોય છે તેને સતત ધ્યાને લેવું જોઈએ.

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં પૂછતાછ :** પ્રવૃત્તિબુકમાં આપેલ કેટલીક પ્રવૃત્તિઓની માહિતી બાળકોએ શાળા, ઘર અને બજારમાં જઈને મેળવવાની હોય છે તેની સમજ આપવી જોઈએ. પ્રવૃત્તિમાં આપેલ કેટલીક ચીજવસ્તુઓથી શક્ય છે કે બાળક પરિચિત ના હોય કે તેમના પર્યાવરણમાં જોવા ન મળતી હોય તેને ધ્યાને લઈ બાળકોને વિશેષ માહિતી આપવી જોઈએ.ચીજવસ્તુની કીમત,ઓળખ અને તેની ઉપયોગીતાની માહિતી માટે પ્રશ્નો પૂછે, શોધખોળ કરે અનેજવાબ મેળવે તેની સમજ આપવી જોઈએ.

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં ચીટકકામ :** કેટલીક પ્રવૃત્તિ દરમિયાન ચીટકકામ કરવાની જરૂરીયાત ઊભી થશે આ માટે ગુંદર, સ્થાનિક વૃક્ષોના ગુંદરનો ઉપયોગ, વર્ગની સામગ્રીનો ઉપયોગ કરી શકાય તેવી માહિતી આપવી.

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં ફનપેજ :** કેટલીક પ્રવૃત્તિઓ દરમિયાન પ્રવૃત્તિબુકમાં આપેલ ફનપેજના ચિત્રો કાપી કે ફાડીને લગાવવાના થશે. આ ફનપેજનાં ચિત્રો બાળકોને સહેલાઈથી મળે અને પ્રવૃત્તિમાં જોઈએ તેવા અન્ય જગ્યાએથી દરેકને ના મળી શકે તો અહીંથી લઈને ઉપયોગ કરી શકે તે હેતુસર અહીં અપાયેલ છે. ફનપેજનાં ચિત્રો દ્વારા ચિત્રપૂરું કરવું, ક્રમિકતા જાળવવી, વાહન અને અન્ય પરિચયજગતની ચીજવસ્તુઓનો પરિચય મળી રહે તેવું આયોજન કરાયેલ છે.

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં લેખન :** કેટલીક પ્રવૃત્તિઓમાં અંક મૂળાક્ષર કે અન્ય સરળ બાબત લખવાની થાય છે. તેવી જગ્યાએ જે બાળકો સહેલાઈથી લખી-વાંચી ન શકતા હોય તેને પૂરતી માહિતી આપી આવી પ્રવૃત્તિ કરાવી શકાય છે. આવી પ્રવૃતિઓમાં લેખન કરતાં તેમાં શું લખે છે તેની પસંદગીને વધુ અગ્રતા આપવી જોઈએ નહિ કે સાક્ષરતા પર જ ભાર.

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં વાંચન :** દરેક પ્રવૃત્તિમાં આપેલ ચિત્ર, આકૃતિ કે રેખાંકનોથી બાળકોને તેમાં રહેલી માહિતી શોધવા માટે જે મથામણ કરવી પડે તેને વાંચન સાથે સાંકળવી જોઈએ. ચિત્રથી ઘણીબધી બાબતોની સમજ નિર્માણ થતી હોય છે તેથી વાંચનમાં દક્ષતા ન હોય તેવા બાળકો પણ આવી બાબતો જોઈને માહિતી સમજી જતા હોય છે તેને ધ્યાને લેવું જોઈએ

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ અનુકાર્ય :** દરેક પ્રવૃત્તિ બાદ બાળકો વર્ગ સમક્ષ પોતાના અનુભવ, પ્રયોગમાં આવેલ મજા અને શું શીખ્યા તેની વાત તેના મોડેલ, ચિત્ર કે નમુના સાથે રજૂ કરે તે માટે પૂરતો સમય આપવો. પ્રવૃત્તિબુકની સંખ્યા મુજબ મોટાભાગે દરેક સપ્તાહે બાળક એક પ્રવૃત્તિ કરી શકે તેવું આયોજન કરેલ છે. કેટલીક પ્રવૃત્તિઓને વિષય સાથે અનુબંધિત કરેલી હોવાથી જે-તે વિષયના અભ્યાસક્રમ દરમિયાન તેનો સંદર્ભ તરીકે પણ ઉપયોગ કરાવી શકાય. બાળકે બનાવેલ મોડેલ, પ્રયોગના સાધનો અને તેમાં ઉપયોગમાં લીધેલ સથાનિક સામગ્રીની વાત પણ બાળકો કરે તે માટે સ્વતંત્રતા આપો. બાળકો દ્વારા નિર્માણ થયેલ સામગ્રીનું શાળા પરિસર અને વર્ગમાં યોગ્ય પ્રદર્શન થાય તેવું આયોજન કરવું જોઈએ. આવું કરવાથી પ્રવૃત્તિનું પરોક્ષરીતે મૂલ્યાંકન પણ થઈ જાય છે. પ્રવૃત્તિની જાણ વાલીઓને પણ થાય તેવો પ્રયાસ કરવો જોઈએ.આ બધી પ્રવૃત્તિઓથી જે પ્રોજેક્ટ બેઝડ લર્નિંગની શરૂઆત થાય છે અને તેનાં દ્વારા લાંબાગાળાનાં જે ફાયદાઓ થાય છે તેની વાત પણ વાલીઓને કરવી જોઈએ.

# શિક્ષણના ક્ષેત્રો અને અભ્યાસક્રમનાં ધ્યેયો

## શારીરિક વિકાસ

CG-1 બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

CG-2 બાળકો સંવેદનાત્મક દૃષ્ટિકોણમાં ચોકસાઈ (શાર્પનેસ) વિકસાવે છે.

CG-3 બાળકો તંદુરસ્ત અને લચીલું શરીર વિકસાવે છે.

## સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસ

CG-4 બાળકો ભાવનાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતા કેળવે છે તેમજ સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપે છે.

CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

## જ્ઞાનાત્મક વિકાસ

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.

CG-8 વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

## ભાષા અને સાક્ષરતા વિકાસ

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.

CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

CG-11 બાળકો દ્વિતીય ભાષામાં વાંચવાનું અને લખવાનું શરૂ કરે છે.

## કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ

CG-12 બાળકો દૃશ્યમાન કલા અને પ્રસ્તુતિની ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

## અધ્યયનની સકારાત્મક આદતનો વિકાસ

CG-13 બાળકો શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે.

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક શિક્ષક-વાલી જોગ સંદેશ...

પ્રિય શિક્ષક ભાઈ બહેનો અને વાલીઓ

નમસ્કાર. શિક્ષણ એ જ્ઞાન, કૌશલ્ય, માન્યતાઓ અને જીવન ઘડતર માટેની સંપાદનની પ્રક્રિયા છે. બાળકની શિક્ષણ મેળવવાની શરૂઆત પોતાના પરિવારમાંથી થાય છે. પછી બાળક પોતાનું વાતાવરણ અને શાળામાંથી શીખવાના અનુભવો એકત્રિત કરી જાતે શીખવાનો પ્રયાસ કરે છે. જાતે શીખવાની પ્રક્રિયા બાળકને અવલોકન, સમજવા અને અનુભૂતિ કરવાનું, શિષ્ટતાથી કાર્ય કરવાનું, સર્જનાત્મક બનવાનું શીખવે છે. બાળકોમાં રહેલી સર્જનાત્મકતાને પોષવા માટે, ખીલવવા માટે રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરી રહેલા ધોરણ ૨ ના બાળકો માટે આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક નિર્માણ કરવામાં આવેલ છે.

સામાન્ય રીતે શીખેલી બાબતોને માત્ર સાંભળેલ હોય તો આગળ જતા ભૂલી જવાનો ડર રહે છે, જોવાથી લાંબો સમય યાદ રહે છે, પરંતુ જો જાતે કરેલ હોય તો જીવનપર્યંત યાદ રહે છે. પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકનો મુખ્ય હાર્દ આ જ છે કે બાળકો શીખવાની પ્રક્રિયા જાતે કરે અને જીવન પોતાના જ્ઞાનમાં વધારો કરે. અહીં અભ્યાસક્રમ અનુબંધિત અધ્યયન નિષ્પત્તિઓના, જે તે ધોરણ, વિષય અને વયની રુચી અને જરૂરિયાત મુજબના, સ્થાનિકતાને સમાવતા અને મુક્ત કે સ્વતંત્ર પ્રકારની પ્રવૃત્તિ આપીને બાળકોને જાતે શીખવાની બહુ મોટી તક ઊભી કરી રહ્યા છીએ.

આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક વર્ગ શિક્ષણ સાથે સમયાંતરે સતત ચાલતી પ્રક્રિયા રહેશે. પ્રારંભિક શિક્ષણનાં પ્રથમ ડગલાંથી લઈને ધોરણ નવ સુધીમાં બાળકો જાતે પ્રાયોગિક ક્રિયા કરી શીખવાનો પ્રારંભ કરે તે આશયથી નિર્માણ થયેલી આ પ્રવૃત્તિપોથીનાં ઉપયોગ પહેલા અહીં આપેલ કેટલીક બાબતો આપણે સમજવી જરૂરી છે :

1. અહીં આપેલ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં વિવિધ પ્રકારે પ્રવૃત્તિ આપવાનો પ્રયાસ કર્યો છે. અવલોકન, સર્વેક્ષણ, વાંચન,મુલાકાત, પ્રવૃત્તિલક્ષી, અનુભવયુક્ત અને રિસોર્સ આધારિત પ્રવૃત્તિનો સમાવેશ થયેલો છે. કેટલીક પ્રવૃત્તિઓ કરીને તેનો અનુભવ માત્ર લખવાનો છે જ્યારે કેટલીક પ્રવૃત્તિઓ કરી તેની આધારભૂત માહિતી લેખવાની, દોરવાની કે ચિત્ર દ્વારા ચિપકાવવાની પણ છે.

2. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક વર્ગ શિક્ષણને વધુ બળવત્તર બનાવવા માટે છે, નહિ કે વધારાના અભ્યાસની સામગ્રી. એટલે બાળકોમાં આ પોથીનો ઉપયોગ વધુ રસપૂર્વક પરંતુ ભારવિહીન રીતે થાય તેની કાળજી લઈશું. ટૂંકમાં વર્ગશિક્ષણને સહાયક છે તેવું થવું જોઈએ.

3. અહીં આપેલી પ્રવૃત્તિ પૈકી શરૂઆતનાં અભ્યાસક્રમ આધારિત અને અધ્યયન નિષ્પત્તિ અનુબંધિત હશે. જેથી આ પ્રકારની પ્રવૃત્તિ કર્યા બાદ બાળકોને એ સમજ સતત આપવી જરૂરી છે કે તેઓ જે માહિતી એકત્રિત કરી રહ્યા છે તે પણ ભણવાનો જ ભાગ છે. ભવિષ્યમાં તેઓના વિકાસ સંદર્ભે ઉપકારક રહે છે તે પણ જણાવવું રહ્યું.

4. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકની પ્રવૃત્તિ કરવા માટે બાળકોને ઓછામાં ઓછું એક સપ્તાહ અને વધુમાં વધુ એકાદ માસ જેટલો સમય આપવો જરૂરી છે. કેટલીક સંકલનની પ્રવૃત્તિઓ પૂરા વર્ષ દરમિયાન પણ ચલે તેવા પ્રકારની હોવાથી આવો પ્રયાસ કરાયો છે.

5. આપેલા પ્રવૃત્તિનાં શિર્ષક સાથે તેમાં શું કરવાનું છે તેની પ્રાથમિક માહિતી આપવામાં આવેલી છે. જેનાથી શિક્ષકોને માર્ગદર્શનમાં અને બાળકોને પ્રવૃત્તિ માટેની દિશા મળી રહે.

6. જે તે પ્રવૃત્તિમાં બાળકોએ શું કરવાનું છે તે શિક્ષક દ્વારા સ્પષ્ટ કરવાની છે, પરંતુ કઈ રીતે ? ક્યાંથી ? કેવી રીતે ? કરવાનું છે ? તે બાળકો પર છોડવામાં આવેલ છે. આ સ્વતંત્રતા જ પ્રવૃત્તિપોથીનો હાર્દ છે કે દરેક જાતે શીખવા માટે મથામણ કરવાની છે અને માહિતીના આધારે અનુભવ સાથે ચોક્કસ તારણ પર જવાનું છે.

7. પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકમાં આપેલા ઉદાહરણો માત્ર સૂચક છે, આવા બીજા ઉદાહરણો લઈને બાળકોએ કઈ રીતે આગળ વધવું. પરંતુ અન્યને પોતાની રીતે પણ માહિતી મેળવી કે પ્રવૃત્તિ કાર્ય કરવું હોય તેની પણ સ્વતંત્રતા અપાયેલ છે.

8. કેટલીક પ્રવૃત્તિ દરમિયાન બાળકો મૉડેલ, રમકડું, સાધન-સામગ્રી નિર્માણ કરશે. આ બધી અલગથી નિર્માણ થતી બાબતોનું નિદર્શન અને પ્રદર્શન પણ થાય તેની કાળજી લેવાની રહેશે.

9. પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકમાં માહિતી સાથે આપેલ પ્રવૃત્તિ સિવાય શિક્ષકે પોતાના વર્ગના બાળકોની રૂચિ, વય, વિષય, ક્ષમતા, સ્થાનિકતા અને અન્ય બાબતોને ધ્યાને લઈ પ્રવૃત્તિ માટે પણ સ્વતંત્રતા આપવામાં આવેલ છે.

10. પ્રવૃત્તિપોથીમાં શિક્ષક પોતાની રૂચિ, જરૂરિયાત અને વર્ગના બાળકોની ક્ષમતાને ધ્યાને લઈ સ્થાનિક બાબતોને આમેજ કરતી પ્રવૃત્તિ આપેલ છે જેથી દરેક વિસ્તારના બાળકો પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે.

11. આપેલા દરેક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ શીખવા માટે જાતે જ ઉત્તમ અવલોકન, પરીક્ષણ, પૃથ્થકરણ અને નિરીક્ષણ કરે તે માટેની સમૂહમાં સૂચના અને દૃષ્ટાંતો પૂરા પાડવા.

12. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ સહેલાઈથી માહિતી શોધી લાવે કે સમાન માહિતી એકત્રિત કરે તો પ્રવૃત્તિની ગરિમા રહેતી નથી અને વિદ્યાર્થીઓની રૂચિ પણ ઓછી થઈ જાય છે તેથી દરેક પ્રવૃત્તિ કંઈક અલગ નવીન બાબત શીખવે છે તેવો હેતુ વિદ્યાર્થીઓને સમજાવવો જરૂરી છે.

13. શિક્ષક દ્વારા વિદ્યાર્થીની પ્રવૃત્તિનું કાર્ય પૂર્ણ થયા બાદ વર્ગમાં દરેકને પોતાની પ્રવૃત્તિની માહિતી આપવા માટે પૂરતો સમય આપવો જરૂરી છે, જેથી દરેકની વાતમાં કોઈ અલગ બાબત હોય તો તે નવાચારની દરેકને જાણ થાય.

14. પ્રવૃત્તિ દરમિયાન માતા-પિતા, શાળા-વર્ગ, પુસ્તકાલય, સોશીયલ મીડિયા, મોબાઇલ, ઇન્ટરનેટ જેવી બાબતો પણ મુખ્ય ભૂમિકા ભજવતા હોવાથી તેની મદદ માટે પૂરતું માર્ગદર્શન પૂરું પડવું.

15. કેટલીક પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને ગામના સ્થાનિક કારખાના, સંસ્થા, દુકાન, સ્થળોની મુલાકાત લેવાનું બનશે જેથી શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને મુલાકાત દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો અને નિયમો કે સૂચનાઓની સમજ આપવામાં આવે તે જરૂરી છે.

16. પ્રવૃત્તિ દરમિયાન નિર્માણ થયેલ મૉડેલ્સ કે સાધન-સામગ્રી વર્ગ અને શાળાના પરિસરમાં દરેકને જોવા મળે તેવું આયોજન કરવું જોઈએ.

17. પ્રવૃત્તિનું કાર્ય પૂર્ણ કર્યા બદલ વિદ્યાર્થીઓને વધુમાં વધુ પ્રોત્સાહન મળી રહે તે માટે વિશેષ પ્રયાસો થવા જરૂરી છે.

18. આ પ્રવૃત્તિ ભણવાના ભાગરૂપ છે, પરંતુ તેનો ભાર ન દેખાય તે માટે ફરજિયાત રીતે પ્રવૃત્તિ લાદી ન દેવો જોઈએ, પરંતુ વિદ્યાર્થીઓમાં રસ, ઉત્સુકતા અને રૂચી ઉત્પન્ન થાય તેવું કરવું જોઈએ.

19. વર્ગના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન કરેલા પ્રવૃત્તિકાર્યમાંથી એકત્ર થયેલી નવી-નવી બાબતો શિક્ષક દ્વારા આગળના વર્ષમાં આવનાર નવા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે માટે ડોક્યુમેન્ટ સ્વરૂપે રાખવામાં આવે તેવું કરવું જોઈએ. જેથી વર્ષો બાદ પ્રવૃત્તિ આધારિત શીખવા-શીખવવાની પદ્ધતિ માટે વિશેષ સંદર્ભ મળી રહે.

20. કેટલીક પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીઓના નાના-નાના સમૂહ બનાવવાના થશે, પરંતુ અહીં તે બાબત પર ખાસ ધ્યાન આપવું જોઈએ કે દરેક વિદ્યાર્થીનાં અનુભવો અલગ-અલગ હોય અને કોઈ એક સમાન એકબીજાની નકલ ન કરે.

21. **ટૂંકમાં આ પ્રોજેક્ટ-પ્રવત્તિબુક દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અનુસાર વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના માધ્યમે સર્જનાત્મક હોમવર્ક મળી રહે અને તે સાથે જૂથ ભાવના, વિચારોનું આદાન-પ્રદાન, સમસ્યા નિવારણ માટેની જાગૃતિ, સમુદાય માટે ઉપયોગિતા, લોકસંપર્ક, શીખવા માટેની પહેલવૃત્તિ, વાસ્તવિક જીવનની પરિસ્થિતિનો અનુભવ, મૌલિક સર્જન, ઉત્તરદાયિત્વ, સહભાગિતા, માહિતી માટેનું આયોજન, પ્રત્યાયન, તર્ક-કલ્પના-નવાચારનું સ્થાપન, સંદર્ભ સ્રોતનો ઉપયોગ અને જાતે શીખવા માટેની તકો પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે તેને ધ્યાને લઈ ઉપયોગ થાય તે અપેક્ષિત છે.**

બહુહેતુક બાબતોને આવરી લઈને નિર્માણ થયેલી આ પ્રવૃત્તિપોથીનાં ઉપયોગ દ્વારા શિક્ષક અને વિદ્યાર્થીઓમાં સંશોધનાત્મક વૃત્તિનો વિકાસ થાય તે માટે શુભેચ્છાઓ.

**મહેશ પી. મહેતા**
સચિવ, સમગ્ર શિક્ષા
ગુજરાત રાજ્ય

# અનુક્રમણિકા ધોરણ -૨


| ક્રમ | પ્રૉજેક્ટ પ્રવૃત્તિનું નામ | પાન નં. |
|---|---|---|
| (૧) | પડછાયાનું માપન | ૧ |
| (૨) | ત્રણનો મિત્ર | ૨ |
| (૩) | ગણો અને લખો | ૩ |
| (૪) | મારા પીંછા | ૪ |
| (૫) | મારી કિંમત | ૫ |
| (૬) | મુસાફરીની મજા | ૬ |
| • | ફનપેજ | ૭ |
| • | ફનપેજ | ૮ |
| (૭) | ટુકડામાંથી અંક | ૯ |
| (૮) | દરેકમાં એક | ૧૦ |
| • | ફનપેજ | ૧૧ |
| • | ફનપેજ | ૧૨ |
| (૯) | ધીમા કે ઝડપી ? | ૧૩ |
| (૧૦) | દિવાળીનો કોયડો | ૧૪ |
| (૧૧) | મારું વજન કરો | ૧૫ |
| (૧૨) | આકારો ઓળખો | ૧૬ |
| (૧૩) | ચાલો ગણીએ | ૧૭ |
| (૧૪) | મારા પપેટ | ૧૮ |
| (૧૫) | મારું છાપકામ | ૧૯ |
| (૧૬) | અંગુઠાની છાપ | ૨૦ |
| (૧૭) | પાંદડામાંથી બનાવો | ૨૧ |
| (૧૮) | કામ મુજબના બ્રશ | ૨૨ |
| (૧૯) | પેટર્ન આગળ વધારો | ૨૩ |
| (૨૦) | અડકીને કહો | ૨૪ |
| (૨૧) | ગાડી બહાર લાવો | ૨૫ |
| (૨૨) | સરવાળો-બાદબાકી કરી ચિત્ર બનાવો | ૨૬ |
| • | ફનપેજ | ૨૭ |
| • | ફનપેજ | ૨૮ |
| (૨૩) | મારાં સમાચાર | ૨૯ |
| (૨૪) | ટપકાં જોડી આકૃતિ બનાવો | ૩૦ |
| (૨૫) | ચોરસથી ચોરસ બનાવો | ૩૧ |

| | | |
|---|---|---|
| (૨૬) | રંગોની દુનિયા | ૩૨ |
| (૨૭) | આકારના રંગો | ૩૩ |
| (૨૮) | ચોરસમાંથી ચિત્ર | ૩૪ |
| (૨૯) | મારું નામ વાંચો | ૩૫ |
| (૩૦) | મારું માપ | ૩૬ |
| (૩૧) | આકારો ગાડી બનાવો | ૩૭ |
| (૩૨) | બંને બાજુથી સરખાં | ૩૮ |
| (૩૩) | મારાં પંજા | ૩૯ |
| (૩૪) | મારું કઠોળ | ૪૦ |
| (૩૫) | મારો રંગ | ૪૧ |
| (૩૬) | કોણ નાનું કોણ મોટું | ૪૨ |
| (૩૭) | મારી જોડી | ૪૩ |
| (૩૮) | મારી કિંમત | ૪૪ |
| (૩૯) | બિંદી લગાવી ચિત્ર બનાવો | ૪૫ |
| (૪૦) | પાનનો આકાર | ૪૬ |
| (૪૧) | સાતની સંગત | ૪૭ |
| (૪૨) | મારી ચીજવસ્તુઓ | ૪૮ |
| (૪૩) | મારી વાનગી | ૪૯ |
| (૪૪) | ટુકડાંઓનું ચિત્ર | ૫૦ |
| (૪૫) | ટુકડાંઓમાંથી આકાર બનાવો | ૫૧ |
| (૪૬) | દિવાસળીની દુનિયા | ૫૨ |
| (૪૭) | મારી કચરા પેટી | ૫૩ |
| (૪૮) | કોણ અંદર ? કોણ બહાર ? | ૫૪ |
| (૪૯) | ગુમ થયેલું શોધો | ૫૫ |
| (૫૦) | કોનું કામ | ૫૬ |
| (૫૧) | રસોડામાં કેટલું ? | ૫૭ |
| (૫૨) | બરણી ભરો | ૫૮ |
| (૫૩) | શબ્દ બનાવો | ૫૯ |
| (૫૪) | દડાને ગોઠવો | ૬૦ |
| • | ફનપેજ | ૬૧ |
| • | ફનપેજ | ૬૨ |
| • | ફનપેજ | ૬૩ |
| • | ફનપેજ | ૬૪ |

# ૧ પડછાયાનું માપન

રવિવાર કે રજાના દિવસે પોતાના ઘર કે આસપાસના કોઈ એક જ વૃક્ષના પડછાયાનું માપન આપેલ અલગ અલગ સમયે ડગલા કે વેંતથી કરે તેવી સમજ આપો. પડછાયામાં થતા ફેરફારની ચર્ચા કરવા કહો.

| ક્રમ | સમય | ડગલા કે વેંત દ્વારા માપન (ડગલા કે વેંતની સંખ્યા) |
|---|---|---|
| ૧ | સવારે ૮ વાગે | |
| ૨ | સવારે ૧૦ વાગે | |
| ૩ | બપોરે ૧૨ વાગે | |
| ૪ | બપોરે ૨ વાગે | |
| ૫ | સાંજે ૪ વાગે | |
| ૬ | સાંજે ૬ વાગે | |

૨

# ત્રણનો મિત્ર

ત્રણના અંકને વિવિધ અંકો સાથે મેળવતા કેટલા થાય છે તે લખવાની સમજ આપો. અંકોની જગ્યાએ સ્થાનિક સામગ્રીથી પણ આવુ કરી શકાય તેની માહિતી આપો.



## ૩ ગણો અને લખો

ધારોકે નીચેની ચીજવસ્તુઓ એકથી દસ રૂપિયામાં સસ્તા ભાવે હોય તો તે બે વસ્તુઓ ભેગી થઈ ઉદાહરણ મુજબ કુલ કેટલી કિંમતની થાય તે શોધીને લખવા કહો.



| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૧ | ૪ | ૧૦ | ૨ |



| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૩ | ૮ | ૯ | ૬ |



૧૬











# ૪ મારા પીંછા

ચિત્રમાં આપેલ પક્ષીઓ પૈકી કોઈ એક પક્ષીનું પીંછુ અહીં ચોંટાડી તેના વિશે માહિતી મેળવે તેવી સમજ આપો. આ પ્રકારે અન્ય પક્ષીઓના પીંછા એકઠા કરી પીંછાપોથી બનાવે તેની સમજ આપો.



# ૫ મારી કિંમત

નીચે આપેલ ચલણી નોટની કિંમત મુજબની કોઈ એક ચીજવસ્તુનું ચિત્ર જૂના છાપામાંથી કાપી ખાનામાં લગાવે તેવી સમજ આપો.









# ૬ મુસાફરીની મજા

આપેલ બૉક્સમાં જમીન, હવા અને પાણીમાં ચાલતા વાહનોના ચિત્રો ફનપેજ પરથી કાપીને લગાવે તેવી સમજ આપો. આવા અન્ય વાહનોના ચિત્રો અલગ કાગળમાં લગાવી ચિત્રપોથી બનાવે તે માટે માહિતી આપો.

## જમીન પર ચાલતા

## હવામાં ઉડતા

## પાણી પર તરતા

## ફનપેજ : વાહનની પ્રવૃત્તિના ચિત્રો અહીંથી કાપીને લગાવો.











૭

# ટુકડાંમાંથી અંક

આપેલા વિવિધ સાત ટુકડાંઓના આકારોમાંથી અંગ્રેજી અંક એકથી દસ બનાવી અલગ કાગળમાં લગાવે એવી સમજ આપો. આ ટુકડાંઓમાંથી વિવિધ આકારો બનાવી મિત્રોને બતાવે તે માટે માહિતી આપો.





# ૮ દરેકમાં એક

શાકભાજી, મિઠાઈ, પક્ષી અને ચીજવસ્તુઓના ચિત્રો દરેક ખાનામાં આડા અને ઊભા તે વિભાગ મુજબ એકવાર જ આવે તે રીતે ફનપેજ પરથી કાપીને લગાવવા કહો. આવા અન્ય ચિત્રો એકઠા કરી વધારાની પ્રવૃત્તિ કરવાની સમજ આપો.

**શાકભાજી**

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**મિઠાઈ**

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**પક્ષી**

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**ચીજવસ્તુ**

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

## ફનપેજ : પ્રવૃત્તિના ચિત્રો અહીંથી કાપીને લગાવો.









# ૯ ધીમા કે ઝડપી ?

આપેલ બે બે ચિત્રો પૈકી જેની ચાલવામાં ગતિ વધુ હોય તે ચિત્રમાં રંગ પૂરવાની સમજ આપો. વધુ કે ઓછી ગતિ હોવાના કારણો જાણવા જણાવો.








# ૧૦ દિવાસળીનો કોયડો

ખાનામાં આપેલ સુચના મુજબ દિવાસળીઓ ફેરવી યોગ્ય ખાના બનાવે તેની સમજ આપો. આ પ્રકારે અન્ય કોયડા પણ જાતે બનાવે તેની માહિતી આપો.

### ૩ દિવાસળી ફેરવી ૩ ખાના કરો.



### ૩ દિવાસળી ફેરવી ૩ ખાના કરો.



### ૩ દિવાસળી ફેરવી ૩ ખાના કરો.



### ૨ દિવાસળી ફેરવી ૪ ખાના કરો.



### ૪ દિવાસળી ફેરવી ૩ ખાના કરો.



### ૩ દિવાસળી ફેરવી ૪ ખાના કરો.



# ૧૧ મારું વજન કરો

ત્રાજવામાં રહેલા ફળોનું કુલ વજન લખવાં કહો.



| | | | | |
|---|---|---|---|---|
| ૧ કિલો | ૪ કિલો | ૩ કિલો | ૨ કિલો | ૩ કિલો |



# ૧૨ આકારો ઓળખો

વિવિધ આકારોથી બનેલા ચિત્રોને જોઈ અલગ કાગળમાં દોરી તેના પર રંગીન કાગળના ટુકડા લગાવે તેવી સમજ આપો.









**૧૩**

# ચાલો ગણીએ

ખાનામાં આપેલી સંખ્યા જેટલાં કુલ ટપકાં કરવાં માટે બીજા ખાનામાં યોગ્ય ટપકાં કરવાની સમજ આપો.

| | |
|---|---|
| ૪ = ●●● + ☐ | ૫ = ● + ☐ |
| ૭ = ●●●●● + ☐ | ૪ = ●● + ☐ |
| ૯ = ●●●● + ☐ | ૬ = ●●●● + ☐ |
| ૮ = ●●● + ☐ | ૭ = ●●● + ☐ |
| ૧૦ = ●●●●● + ☐ | ૩ = ●● + ☐ |
| ૬ = ●● + ☐ | ૯ = ●●●●● + ☐ |
| ૮ = ●●●●● + ☐ | ૬ = ●●● + ☐ |
| ૩ = ● + ☐ | ૮ = ●●●● + ☐ |

## ૧૪ મારા પપેટ

ચિત્રોની મદદથી પપેટ બનાવવાની સમજ આપો. આંગળીના પપેટથી બાળકોને વાર્તા કથન તૈયાર કરવા માર્ગદર્શન આપો.





१५

# મારું છાપકામ

વિદ્યાર્થીઓને સ્થાનિક સામગ્રી જેવી કે, દોરીની ગૂંચ, પાંદડું, શાકભાજી, સ્પંજ (વાદળી), રૂ, સિક્કા વગેરેની મદદથી આપેલ ખાનામાં છાપ પાડવાની સમજ આપો.



૧૬

# અંગૂઠાની છાપ

અંગૂઠાની છાપથી બનેલ ચિત્ર જેવાં ચિત્ર બનાવવા માટે સમજ આપો. આ ચિત્ર બનાવવા માટે શાહી કે અન્ય કુદરતી રંગોનો ઉપયોગ કરી શકાય તેની માહિતી આપો.





















## ૧૭ પાંદડામાંથી બનાવો

વિવિધ પાંદડાઓના ઉપયોગ વડે બનાવેલા ચિત્રો જોઈને વિદ્યાર્થીઓ જાતે પાંદડાઓમાંથી આવા ચિત્ર બનાવે તેવી સમજ આપો. સૂકાં પાંદડાઓ પણ કાગળ પર લગાવી આવા ચિત્રો બનાવી શકાય તેની માહિતી આપો.



## ૧૮ કામ મુજબના બ્રશ

ચિત્રમાં આપેલ વિવિધ બ્રશને તેના ઉપયોગ સાથે ઓળખવા માટે વિવિધ જગ્યાએથી માહિતી એકઠી કરે તે માટેની સમજ આપો. મેળવેલ માહિતી અલગથી નોંધ કરવા જણાવો.



## ૧૯ પેટર્ન આગળ વધારો

સંખ્યાની પેટર્ન જોઈ તે મુજબ સંખ્યા લખે તેવી સમજ આપો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | | | | | | |
| ૧૩ | ૧૪ | ૧૫ | | | | | | | |
| ૨૬ | ૨૭ | ૨૮ | | | | | | | |
| ૩૯ | ૪૦ | ૪૧ | | | | | | | |
| ૧૭ | ૧૮ | ૧૯ | | | | | | | |
| ૨૦ | ૨૧ | ૨૨ | | | | | | | |
| ૩૨ | ૩૩ | ૩૪ | | | | | | | |
| ૪૬ | ૪૭ | ૪૮ | | | | | | | |

# ૨૦ અડકીને કહો

કોષ્ટકમાં આપ્યાં મુજબની ચીજવસ્તુઓ મેળવીને અલગથી જાડા પૂંઠા પર ચોંટાડે તેવી સમજ આપો. લગાવેલી દરેક સામગ્રીનો સ્પર્શ કરવાથી કેવો અનુભવ થાય છે તે જણાવવા માહિતી આપો. અનુભવની અલગથી નોંધ કરવા જણાવો.


લાકડાનો ભૂકો


દોરા


સુતળી


વાદળી


પથ્થર કાંકરી


રેતી


અનાજ


કઠોળ


રૂ


કાપડ


બટન


સળી


પાતળી લાકડી


પૂંઠું


કાગળની ગોળી


ભૂંગળી

## ૨૧ ગાડી બહાર લાવો

ભૂલભૂલામણીમાં ફસાયેલ ગાડીને સાચા રસ્તેથી બહાર લાવવાની સમજ આપો. સાચા રસ્તામાં પેન્સિલથી રંગ પૂરે તેવી માહિતી આપો.



## ૨૨ સરવાળો-બાદબાકી કરી ચિત્ર બનાવો

બે સંખ્યાનો સરવાળો અને બાદબાકી કરતાં જે જવાબ આવે તે જવાબવાળા ચિત્રનું કટીંગ ફનપેજ પરથી કાપી અહીં લગાવી ચિત્ર પૂરું કરે તેવી સમજ આપો.

### ચિત્ર ૧

| | | |
|---|---|---|
| ૯ + ૨ | ૧૩ + ૩ | ૨૦ – ૫ |
| ૨૨ + ૪ | ૩૧ – ૨ | ૧૪ – ૦ |
| ૭ + ૩ | ૪ + ૫ | ૧૦ – ૬ |

### ચિત્ર ૨

| | | | |
|---|---|---|---|
| ૯ + ૯ | ૬ + ૬ | ૮ – ૧ | ૮ + ૮ |
| ૨૦ – ૭ | ૬ – ૧ | ૧૦ + ૧૦ | ૧૦ + ૯ |
| ૪ + ૪ | ૧૨ – ૧ | ૨ + ૧ | ૫ + ૪ |

## ફનપેજ : પ્રવૃત્તિ માટેનું ચિત્ર યોગ્ય રીતે કાપીને લગાવો.

ચિત્ર ૧




ચિત્ર ૨



# ૨૩ મારાં સમાચાર

વિદ્યાર્થીઓને વાંચતા આવડતા હોય તેવા સમાચારની હેડ લાઈનના ટૂંકા કટીંગ જૂના છાપામાંથી કાપી આપેલ જગ્યામાં લગાવે તેવી સમજ આપો.

## ૨૪ ટપકાં જોડી આકૃતિ બનાવો

આપ્યા મુજબના ટપકાં જોડી તેના જેવી આકૃતિ બનાવે તેવી સમજ આપો. આના આધારે રંગોળી અને અન્ય આકૃતિઓ પણ બનાવે તેવી માહિતી આપો.



# ૨૫ ચોરસથી ચોરસ બનાવો

અહીં ચોરસમાં આપેલ કલરનો અભ્યાસ કરી પૂંઠાં પર આ રીતે આકાર બનાવો અને તે કાપો. કાપેલા આકારો ભેગા કરી ચોરસ બનાવવાની સમજ આપો. આવા અન્ય આકારો બનાવે તે પણ સમજાવો.



## ૨૬ રંગોની દુનિયા

ઉદાહરણમાં દર્શાવ્યા મુજબના બે રંગો ભેગા કરતાં એક નવો રંગ બને છે. તે મુજબ આપેલા બે રંગો ભેગા કરતાં કયો રંગ બને તે રંગ પૂરવાની સમજ આપો.



# ૨૭ આકારના રંગો

પ્રથમ ખાના મુજબ બીજા ખાનામાં રંગો પૂરે અને ત્રીજા ખાનામાં અન્ય આકાર બનાવી રંગ પૂરે તે સમજ આપો.

(૧) (૨) (૩)



૨૮

# ચોરસમાંથી ચિત્ર

ચોરસ ખાના મુજબ રેખાઓ દોરી અર્થપૂર્ણ ચિત્ર પૂર્ણ કરે તેવી સમજ આપો. આવા ખાનાઓ બનાવી અન્ય ચિત્રો પણ દોરે તેવી માહિતી આપો.











૨૯

# મારું નામ વાંચો

આપેલા ચિત્રોના આધારે તેના સાચા નામ કોષ્ટકમાંથી શોધીને તેના ફરતે વર્તુળ કરો. ચિત્રના આધારે કઈ રીતે નામ વાચતા શીખ્યા તેની વાત વર્ગમાં કરવા કહો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મો | ડ | ઘુ | બ | ફ | લ |
| ર | ભ | વ | ક | ર | ધ |
| સ | ળ | ડ | રી | ક | જા |
| ટ | મ | લ | ર | ડી | ચ |
| પા | ગ | વ | ઢો | લ | ક |
| લ | જ | ધ | મ | ગ | ર |














# ૩૦ મારું માપ

આપેલ ચીજવસ્તુઓની લંબાઈ માપપટ્ટીથી માપી તે કેટલા સેન્ટીમીટરની છે તેનું ચોક્કસ માપ આપેલ ખાનામાં લખવાની સમજ આપો. આ સિવાયની અન્ય ચીજવસ્તુઓનું માપ અલગ કાગળમાં લખીને કોષ્ટક બનાવે તેવી માહિતી આપો.






૩૧

# આકારોની ગાડી બનાવો

આપેલ વિવિધ આકારોથી બનતી ગાડીઓ જોઈ તે મુજબના આકારો અલગથી પૂંઠાં પર કાપી ગાડી બનાવે તેવી સમજ આપો.



# ૩૨ બંને બાજુથી સરખાં

આપેલ શબ્દો બંને બાજુથી વાંચતા એક સરખાં વંચાય છે. આવા શબ્દો વાચે અને આપેલ ખાનામાં અન્ય શબ્દો શોધીને લખે તેવી સમજ આપો.

| | | | |
|---|---|---|---|
| નયન | સરસ | તરત | કથક |
| રૂબરુ | દરદ | કલાક | ટામેટા |
| જહાજ | મલમ | કલંક | કટક |
| મલયાલમ | ડાલડા | મક્કમ | નવિન |
| લાડલા | નમન | કડક | કનક |
| નામના | જીજાજી | રબર | નિશાની |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

૩૩

# મારાં પંજા

આપેલ પ્રાણી અને પક્ષીઓના પગના પંજાની છાપ ઓળખી તે મુજબ દોરે અને અન્ય પશુ-પ્રાણીના પંજાની છાપ અવલોકન કરીને બનાવે તેવી સમજ આપો.
















# ૩૪ મારું કઠોળ

ચિત્રમાં આપેલ વિવિધ કઠોળના ચિત્ર નીચે તેના નામ લખી તેના જેવા કઠોળના દાણા એકઠા કરી અલગ કાગળ કે પૂંઠાં પર લગાવી વર્ગમાં પ્રદર્શન કરે તેવી સમજ આપો.



૩૫

# મારો રંગ

રેખાચિત્રોમાં રહેલા પ્રાણીઓને ઓળખી તેના શરીર પર જે અસલ રંગના ચટ્ટા-પટ્ટાની ડિઝાઈન હોય છે તેવી બનાવવાની સમજ આપો. આવા જંગલી પ્રાણીઓ અને પાલતુ પ્રાણીઓની જાણકારી મેળવે અને વર્ગમાં તેની ચર્ચા કરે તે સમજ આપો.









## ૩૬ કોણ નાનું કોણ મોટું ?

પહેલાં ચિત્રથી મોટું અને ત્રીજા ચિત્રથી નાનું તેવું વચ્ચેના ખાનામાં ચિત્ર દોરે તેની સમજ આપો. આવી વસ્તુઓનું પ્રદર્શન પણ કરી શકાય તેની માહિતી આપો.

પહેલું બીજું ત્રીજું

















૩૭

# મારી જોડી

આપેલી અલગ-અલગ સામગ્રીમાંથી જેની સાથે તેની જોડ બનતી હોય તેને જોડવાની સમજ આપો. જોડેલી ચીજવસ્તુઓથી જે-જે ક્રિયાઓ થાય છે તેની માહિતી આપવા કહો. સદર સાધન સામગ્રી અંગે ચર્ચા કરાવો.














# ૩૮ મારી કિંમત

આપેલ ચલણીનોટના ચિત્ર નીચેના ખાનામાં તે કિંમતનું શું-શું ખરીદી શકાય તે સામગ્રીની યાદી લખવા સમજ આપો. વસ્તુઓનાં નામથી સસ્તી અને મોંઘી, નાની-મોટી, ઓછી-વધુ જેવી માહિતી આપવા કહો અને ચર્ચા કરો.









# ૩૯ બિંદી લગાવી ચિત્ર બનાવો

વર્તુળમાં લગાવેલ બિંદીઓથી બનતુ ચિત્ર જુઓ. તે મુજબના ચિત્રો સામેના ખાનામાં બિંદીથી બનાવવા માટે સમજ આપો. આવા અગલથી અન્ય ચિત્ર બનાવે તેની માહિતી આપો.













## ૪૦ પાનનો આકાર

આપેલ વિવિધ ચીજ વસ્તુઓ ઓળખી તેના પાન મેળવી સામેના ખાનામાં દોરવા કહો. આ પ્રકારે ટ્રેસીંગ કરેલા પાનને વર્ગ સમક્ષ બતાવવા માહિતી આપો.











## ૪૧

# સાતની સંગત

વિવિધ આકારોના સાત ટુકડાઓ(ટેનગ્રામ)ની મદદથી બનેલા ચિત્ર જોઈ પૂંઠાંમાંથી તેવા આકારોનાં ટુકડાઓ અલગથી કાપી અલગ-અલગ ચિત્રો બનાવવાની સમજ આપો. ટેનગ્રામનાં સાત ટુકડાઓથી બનતા વિવિધ આકારો અલગ કાગળ પર લગાવી સંગ્રહ કરે તેની માહિતી આપો.



## ૪૨ મારી ચીજવસ્તુઓ

આપેલ ખાનામાં જૂના છાપા કે મેગેઝીનમાંથી વિવિધ ચીજવસ્તુઓના ચિત્રો કાપીને લગાવે તેવી સમજ આપો. લગાવેલા ચિત્ર વિશે વાત કરવાની માહિતી આપો.

## ૪૩ મારી વાનગી

ચિત્રમાં આપેલ વાનગી કઈ કઈ સામગ્રીમાંથી બને છે તેના નામ લખવાની સમજ આપો.











## ૪૪ ટુકડાંઓનું ચિત્ર

આપેલ રેખાચિત્રમાં વિવિધ કાગળના ટુકડાંઓ લગાવી કોલાઝ કામ કરે અને તેની નીચે આપેલા નમૂનાના કોલાઝ વર્કના ચિત્રો જોઈ અલગ કાગળ પર તેવા કોલાજ બનાવે તેની માહિતી આપો.





# ૪૫ ટુકડાંઓમાંથી આકાર બનાવો

વિવિધ ટુકડાંઓ જોડીને તેમાંથી આકારો બનાવે તેવી સમજ આપો. આ પ્રકારે અન્ય આકારના ટુકડાંઓમાંથી પણ આકારો બનાવે તેની માહિતી આપો.



# ૪૬ દિવાસળીની દુનિયા

વચ્ચે આપેલ ખાનાની જગ્યામાં દિવાસળીઓ જોડીને અંગ્રેજીમાં 0 થી 9 અંકો બનાવે તેવી સમજ આપો. આવી રીતે મૂળાક્ષરો પણ બનાવે તેની માહિતી આપો.



## ૪૭ મારી કચરાપેટી

આપેલ લીલી અને વાદળી કચરાપેટીમાં અલગ-અલગ પ્રકારનો ભીનો અને સૂકો કચરો નાખી શકાય તેની સમજ આપી બંને કચરાપેટીમાં તેવા પ્રકારના કચરાના ચિત્રો દોરે કે લગાવે તેની માહિતી આપો.





**૪૮**

# કોણ અંદર ? કોણ બહાર ?

ચિત્રમાં આપ્યા મુજબ એક જ વર્તુળની આગળ અને પાછળ અલગ-અલગ બે ચિત્ર દોરીને તેને દોરો બાંધી કે સળીમાં લગાવીને ફેરવતાં આગળ-પાછળના ચિત્રો કઈ રીતે એકજ ચિત્ર બન્યા હોય તેમ તેમ દેખાય છે તેની માહિતી આપી આવી ચકરડી બનાવવા સમજ આપો.







## ૪૯ ગુમ થયેલું શોધો

એક સરખા લાગતા બે ચિત્રોમાં કઈ વસ્તુ ગુમ થયેલ છે તે શોધી તેના પર વર્તુળ કરવાની સમજ આપો.





# ૫૦ કોનું કામ

શરીરના વિવિધ અંગો વડે જે કામ થઈ શકતું હોય તેની સાથે ચિત્રને જોડવાની સમજ આપી તે ક્રિયા કઈ રીતે બને છે તેની માહિતી આપો.


























**૫૧**

# રસોડામાં કેટલું ?

રસોડાના ચિત્રનું અવલોકન કરી નીચે આપેલ ચીજવસ્તુઓ કેટલી છે તેની સંખ્યા લખવાની સમજ આપો.

















## ૫૨

# બરણી ભરો

સૂચના મુજબની સંખ્યાની ચીજવસ્તુઓ બરણીમાં દોરે તેવી સમજ આપો.



૫  ભરો



૪  ભરો



૧૦  ભરો



૭  ભરો

## ૫૩ શબ્દ બનાવો

ખાલી ડબ્બામાં સાચો અક્ષર મૂકી શબ્દ બનાવે તેવી સમજ આપો.




ક મા ડ




બા ટ પે




જ લ ચ




ન ય ળ




ગ લ મ




ખા જ ગ

# ૫૪ દડાને ગોઠવો

બૉક્સ સાથે આપેલ સૂચના મુજબ દડાને મૂકે તેવી સમજ આપો.





બૉક્સની અંદર દડો મૂકો

બૉક્સની ઉપર દડો મૂકો







બૉક્સની બાજુમાં દડો મૂકો

બૉક્સની આગળ દડો મૂકો







બૉક્સની વચ્ચે દડો મૂકો

બૉક્સની નીચે દડો મૂકો

# રંગીન કાગળ કામ માટેનો કાગળ

## રંગીન કાગળ કામ માટેનો કાગળ

# ઇકો કલબ અંતર્ગત શાળાકીય પ્રવૃત્તિઓ

| માસ | થીમ | ધો: ૧ થી ૫ | ધો: ૬ થી ૮ | ધો: ૯ થી ૧૨ |
|---|---|---|---|---|
| ઓગસ્ટ | વૃક્ષારોપણ ઝુંબેશ હરિયાળી મહોત્સવ ઉજવણી | • વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ | • વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• મારી શાળા સુંદર શાળા સ્પર્ધા | • વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ અનેપાણી બચાવો<br>• મારી શાળા સુંદર શાળા સ્પર્ધા |
| સપ્ટેમ્બર | સ્વચ્છતા ઝુંબેશ ઉજવણી | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી, નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી નજીકના વિસ્તારમાં<br>• જાગૃતિ માટેની રેલી, જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• લોકગીત સ્પર્ધા<br>• નિબંધ લેખન સ્પર્ધા | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી નજીકના વિસ્તારમાં<br>• જાગૃતિ માટેની રેલી, જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• લોકગીત સ્પર્ધા<br>• નિબંધ લેખન સ્પર્ધા |
| ઓક્ટોબર | વેસ્ટમાં થી બેસ્ટ ઝુંબેશ | • કાગળની બેગ બનાવવાની કામગીરી<br>• વેસ્ટ મટીરિયલમાંથી આર્ટ અને ક્રાફ્ટ વર્ક<br>• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પાણી, વીજળી અને અન્ય કુદરતી સંશાધનો બચાવોઅંગેની જાગૃતિ અભિયાન<br>• વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી | • વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• જુદા જુદા પ્રકારની વનસ્પતિનું એકત્રીકરણ<br>• કાગળની બેગ બનાવવી<br>• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પ્લાસ્ટિકની ખરાબ અસરો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે સામાજિક જાગૃતિ<br>• વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી | • જમીનનો વધુમાં વધુ ઉપયોગ કરવા અંગે પ્રેરણા સંદર્ભે કામગીરી<br>• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પ્લાસ્ટિકની ખરાબ અસરો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે સામાજિક જાગૃતિ<br>• વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી |
| નવેમ્બર | રમતોત્સવ | • જુદા જુદા પ્રકારની રમતોનું આયોજન (વ્યક્તિગત અને સામૂહિક રમતો)<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા | • એથ્લેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા | • એથ્લેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા |
| ડિસેમ્બર | વિજ્ઞાન અને ગણિત મેળો | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી<br>• કોયડા સ્પર્ધા<br>• વિવિધ શૈક્ષણિક સામગ્રી/નમૂનાનું પ્રદર્શન | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી<br>• કોયડા સ્પર્ધા<br>• વિવિધ શૈક્ષણિક સામગ્રી/નમૂનાનું પ્રદર્શન |
| જાન્યુઆરી | પતંગોત્સવ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | • પતંગ બનાવવાની હરિફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શુશોભન<br>• વર્ગ શુશોભન સ્પર્ધા | • પતંગ બનાવવાની હરિફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શુશોભન<br>• વર્ગ શુશોભન સ્પર્ધા | • પતંગ બનાવવાની હરિફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શુશોભન<br>• વર્ગ શુશોભન સ્પર્ધા |
| ફેબ્રુઆરી | પર્યાવરણ જાગૃતિ ઝુંબેશ | • પ્રેરણાદાયક વાર્તા સ્પર્ધા<br>• શિક્ષકો દ્વારા જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ વિશે જાગૃતિ<br>• પર્યાવરણને લગતી વીડીયો અને શોર્ટ ફિલ્મ બતાવવી | • જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર નિર્માણ,સૂત્રલેખન (સ્લોગન) બનાવવા<br>• પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ<br>• પાણી, વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટે જાગૃતિના કાર્યક્રમ | • જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર નિર્માણ, સૂત્રલેખન (સ્લોગન) બનાવવા<br>• પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ પાણી, વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટે જાગૃતિના કાર્યક્રમ |

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

# ધોરણ ૨

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ બુક








ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર.



આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ - 2024-25)